નોવેલ કોરોના વાયરસ (Covid-19)મહામારીને ધ્યાનમાં લઇ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના શૈક્ષણિક/બિન શૈક્ષણિક વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના અધિકારીઓ/કર્મચારીઓના એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત નિધી ફંડમાં જમા કરાવવા બાબત..

વંચાણમાં
૧. ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીજી/૨૦/૨૦૨૦/વી.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૨૩/03/૨૦૨૦
૨. અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક : REG/U-1/Corona/CAH/2020 તા.૨૪/03/૨૦૨૦
3. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૨૦-૫૦૧-ટ તા. ૨૫/03/૨૦૨૦
૪. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૧૦/૨૪03૨૦૨૦/ખ-૨, તા. ૨૬.03.૨૦૨૦

# પરિપત્ર

તાજેતરમાં દેશભરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ (Covid-19) મહામારીને નિયંત્રણમાં લાવવા માટે ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જુદી જુદી તકેદારીઓ લેવામાં આવેલ છે. આ મહામારીને નિયંત્રણમાં રાખવા માટે દેશભરમાં સંપૂર્ણ રીતે લોકડાઉન જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી સરકારશ્રીએ જાહેર હિતમાં રાજ્ય સરકારની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા. ૨૫ માર્ચ, ૨૦૨૦ થી તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૦ સુધી બંધ રાખવામાં આવેલ છે. તેમજ આ મહામારીને ધ્યાનમાં લઇ રાજ્ય સરકારશ્રી દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરેલ છે અને તેની સમાજના તમામ લોકોને અસર પડે છે.

હાલમાં ઉદભવેલી પરિસ્થિતને ધ્યાનમાં લઈ કામધેનુ યુનિવર્સિટીના વર્ગ-૧ થી વર્ગ-૩ ના તમામ અધિકારી/કર્મચારીઓની સંમતિથી ચાલુ માસ એટલે કે માર્ચ-૨૦૨૦ ના પગારમાંથી એક દિવસનો પગાર રાજ્યના “મુખ્યમંત્રી રાહત નિધી ફંડ”માં આપવાનું નક્કી કરેલ છે.

આથી કામધેનુ યુનિવર્સિટી હસ્તકની સંલગ્ન કોલેજ/પોલિટેકનીક અને વિભાગીય વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળ ફરજ બજાવતાં શૈક્ષણિક/બિન શૈક્ષણિક અધિકારી/કર્મચારીઓનો એક દિવસનો પગાર માહે માર્ચ-૨૦૨૦ના પગારબીલ માંથી કપાત કરવાની જવાબદારી હિસાબ નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટીની રહેશે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે.

જા. નં. કાયુ/રજી/યુ-૧/કોરોના/૨૦૨૦
તા. ૨૬.03.૨૦૨૦

કુલસચિવ
કામધેનુ યુનિવર્સિટી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

૧. માન. સચિવશ્રી, (પશુપાલન) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૨. યુનિવર્સિટી હસ્તકની સંલગ્ન કોલેજો/પોલિટેકનીક અને વિભાગીય વડાશ્રી તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
3. યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
૪. હિસાબ નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટી તરફ જાણ તથા
   ૨/- આ સાથે યુનિવર્સિટીના અધિકારી/કર્મચારીશ્રીઓના એક દિવસનો પગાર રાજયના મુખ્યમંત્રી રાહત નિધી ફંડમાં જમા કરાવવાની કાર્યવાહી હાથ ધરવા સારૂ.
૫. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
૬. હિસાબી અધિકારી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર/અમરેલી/હિંમતનગર તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.